# દિવાની પરચુરણ અરજી નંબર : ૨૬/૨૦૨૬

(ગુજ. મહેશકુમાર દેવશીભાઇ હડીયાના વારસો - વિરૂધ્ધ - નાયબ ઇજનેરશ્રી )

## આંક-૧ ની અરજી લગત હુકમ.

(૧) આ કામે અરજદારો/વાદીઓએ સ્પે.મુ.નં.૫૦/૨૦૦૩ થી વળતર મેળવવા દાવો દાખલ કરેલ, જેનો ઠરાવ તા.૦૩/૦૮/૨૦૦૬ ના રોજ અરજદારો/વાદીઓના લાભમાં આવેલ. ત્યારબાદ સદરહુ ઠરાવ તથા હુકમનામા સામે આ કામના સામાવાળા/પ્રતિવાદીએ ગુજરાત વડી અદાલતમાં આર/ફર્સ્ટ અપીલ નં.૧૯૧૮/૨૦૦૭ થી અપીલ દાખલ કરેલ, જેનો ચૂકાદો તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ આવેલ અને સામાવાળા/પ્રતિવાદીની અપીલ રદ કરેલ છે. અપીલનો ચૂકાદો આવ્યા બાદ આજ સુધીમાં સામાવાળા/પ્રતિવાદીઓએ અપીલ, રીવીઝન, રીવ્યુ કે કોઇ કાર્યવાહી કરી હોય તો તે તનો સ્ટે, નોટિસ કાંઇ બજેલ નથી. જેથી રૂા.૪,૦૪,૭૪૩/- નાઝીરશ્રીના નામે ઇન્ડીયન બેંક, જૂનાગઢ શાખામાં ફીકસમાં મુકેલ રકમ તથા તેના પરના વ્યાજ સહિતની રકમ વાદીઓને ચૂકવી આપવા હુકમ કરવા હાલની અરજી રજૂ કરેલ છે.

(૨) અરજદારો તરફે તેઓની અરજીના સમર્થનમાં આંક-૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી નિશાની ૪/૧ થી સ્પે.દિ.મુ.નં.૫૦/૨૦૦૩ ના હુકમનામાની ખરીનકલ, નિશાની ૪/૨ થી નામદાર ગુજરાત હાઇકોર્ટના આર/ફર્સ્ટ અપીલ નં.૧૯૧૮/૨૦૦૭ ના હુકમ અને રીટની ઝેરોક્ષ નકલ, નિશાની ૪/૩, ૪/૪ અને ૪/૫ થી અરજદારોના આધાર કાર્ડ, નિશાની ૪/૬ થી દેવશીભાઇ અરજણભાઇ હડીયાના મરણ પ્રમાણપત્ર, નિશાની ૪/૭ થી પેઢીનામાની ઝેરોક્ષ નકલ રજૂ રાખેલ છે. જે તમામ દસ્તાવેજો ધ્યાને લીધા તેમજ અરજદારો તરફે તેઓના વિ.વકીલશ્રીને સાંભળ્યા.

.

(૩) અરજીના અનુસંધાને સામાવાળાને નોટિસ કરવામાં આવેલ, જે ધોરણસર બજી જતા હાજર થયેલ છે અને આંક-૭ થી વાંધા આપી જણાવવામાં આવેલ છે કે, સામાવાળાની નામદાર હાઇકોર્ટમાં કરેલ અપીલ રદ કરેલ છે જેથી તેઓના હાઇકોર્ટના પેનલ એડવોકેટ તરફથી આ હુકમ સામે નામદાર સુપ્રીમ કોર્ટમાં જવાનો અભિપ્રાય આપેલ છે જેથી તેઓની સુપીરીયર ઓથોરીટીની એપ્રુવલ માંગેલ છે, જે મળતા અપીલ દાખલ કરી આગળની કાર્યવાહી કરવાની છે. જેથી ત્યાં સુધી અરજદારોને કોઇપણ ડીપોઝીટની રકમ ન ચૂકવાય તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે અરજી લગત નાઝીરશ્રીએ કરેલો શેરો ધ્યાને લેતા સ્પે.દિ.મુ.નં.૫૦/૨૦૦૩ ના કામે કોઇ રકમ જમા થયેલ નથી. સ્પે.દિ.દ.નં.૨૧/૨૦૦૬ ના કામે સિવિલ ''ડી'' નં.૪૫૬/૧૩-૧૪, તા.૨૧/૦૨/૨૦૧૪ થી રૂા.૩,૯૧,૯૩૩/- લેપ્સમાં જમા કરાવેલ છે. આમ, સામાવાળા ધ્વારા રકમ જમા કરાવેલ હોવાનું જણાય આવે છે અને સદરહુ રકમ ચૂકવવા સામે સામાવાળા તરફે નામદાર હાઇકોર્ટના હુકમ સામે નામદાર સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરવાની કાર્યવાહી કરવાની હોય ત્યાં સુધી રકમ ન ચૂકવવા વાંધો લીધેલ છે, પરંતુ નામદાર ગુજરાત હાઇકોર્ટ ધ્વારા આર/ફ્સ્ટ અપીલ નં.૧૯૧૮/૨૦૦૭ ના કામે તા.૦૬/૧૧/૨૦૨૫ ના રોજ હુકમ ફરમાવેલ છે અને ત્યારથી આજદિન સુધી સદરહુ હુકમ સામે નામદાર સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ થયેલ હોવાનું કે કોઇ સ્ટે આપવામાં આવેલ હોય તેવું જણાય આવતું નથી. અત્રે એ હકીકતનો ઉલ્લેખ કરવાની જરૂર નથી કે નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા ભવિષ્યમાં જે કાંઇ નિર્ણય કરવામાં આવશે તે અરજદારોને બંધનકર્તા રહેશે. જેથી અરજદારોની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

અરજદારો હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

.

અત્રેની કોર્ટના નાઝીરશ્રીને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, આ કામે સામવાળા ધ્વારા જમા થયેલ રકમ રૂા.૩,૯૧,૯૩૩/- (અંકે રૂપિયા ત્રણ લાખ એકાણું હજાર નવસો તેત્રીસ પુરા) ની રકમના નીચે દર્શાવ્યા મુજબની વિગતેના દરેક અરજદારોના સરખે હિસ્સે થતી રકમના દરેક અરજદારોના નામના એકાઉન્ટ પેઇ ચેક ઇસ્યુ કરી, તે ચેકો અરજદારોને ઓળખના પુરાવાની ખાત્રી કરી સોંપવાનો અને તે બાબતેનો રીપોર્ટ અત્રેના કામે રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | અરજદારનું નામ | ચૂકવવાપાત્ર રકમ |
|---|---|---|
| | ગુજ. મહેશકુમાર દેવશીભાઇ હડીયાના વારસો : | |
| (૧) | ગુજ. દેવશીભાઇ અરજણભાઇ હડીયાના વારસો : | |
| ૧.૧ | બેનીબેન દેવશીભાઇ હડીયા, | રૂા.૬૫,૩૨૨/- |
| ૧.૨ | માલદેભાઇ દેવશીભાઇ હડીયા, | રૂા.૬૫,૩૨૨/- |
| ૧.૩ | લક્ષ્મીબેન ડો/ઓ. દેવશીભાઇ હડીયા તે વા/ઓ. કરશન પીઠા રાવલીયા, | રૂા.૬૫,૩૨૨/- |
| (૨) | બેનીબેન દેવશીભાઇ હડીયા, | રૂા.૧,૯૫,૯૬૭/- |

વધુમાં એવો હુકમ કરવામાં આવે છે કે, અરજદાર નં.૧.૧ ને ગુજ. દેવશીભાઇ અરજણભાઇ હડીયાના વારસ અને અરજદાર નં.૨ ગુજ. મહેશકુમાર દેવશીભાઇ હડીયાના વારસ તરીકે મળવાપાત્ર ઉપરોકત રકમના બે ચેક ઇસ્યુ ન કરતા કુલ રૂા.૨,૬૧,૨૮૯/- નો ચેક ઇસ્યુ કરવો.

આ હુકમની એક નકલ સ્પે.દિ.દરખાસ્ત નં.૨૧/૨૦૦૬ ના કામે સામેલ રાખવી.

આ હુકમ આજ તારીખ આઠમી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ મારી સહી કરી, ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ.
તારીખ : ૦૮/૦૫/૨૦૨૬.

(અવિનાશ કમલભાઇ ભટ્ટ)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ. (GJ-00862)

.